હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૩૦, વર્ષ : ૩૫, અંક : ૦૭
૧-એપ્રિલ, ૨૦૨૪

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

- નૈતિક મૂલ્યોનું યોગ્ય શિક્ષણ સમાજ અને દેશને પ્રગતિને માર્ગે લઈ જશે.
- આપણે બાળકને શિક્ષણનું મહત્ત્વ સમજાવવાનું છે, કારણ કે શિક્ષણ જ્ઞાન આપે છે અને જ્ઞાન બાળકોને સફળ બનાવે છે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

જીવન એટલે સંગ્રામ. જીવન એટલે સુખ શાંતિ અને સમૃદ્ધિની સાથે સ્નેહ, રોગ, ભય,શોક, ક્રોધ, દરિદ્રતાના તાપનો સરવાળો. આ સૃષ્ટિનો ક્રમ છે અને સૃષ્ટિના ક્રમમાં સહયોગ આપવો જ રહ્યો. પ્રકૃતિ પણ આપણને આજ પ્રેરણા આપે છે. પાનખર, વસંત એ પ્રકૃતિનું ચક્ર છે. જેમ નદીના પ્રવાહને પર્વતો રોકી શકતા નથી, ગુલાબ કાંટાની વચ્ચે, કમળ કાદવમાં ખીલે છે, ગુલમહોર ભર ઉનાળે ખિલ–ખીલાટ હસે છે તેવી જ રીતે દિવસ–રાત, ભરતી ઓટ, સુખ અને દુઃખનું કાળચક્ર સતત ફર્યા જ કરે છે. વિચારશીલ, વિવેકી વ્યકિત પોતાના લક્ષની સામે દ્રષ્ટિ રાખે છે. વ્યક્તિ એટલે કે તેમાં વ્યવસાયિક મનુષ્ય, બાળકો, વિદ્યાર્થીઓ સર્વેનો સમાવેશ થાય છે.

હાલમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે, વાતાવરણમાં વસંતની મોસમ અને શાળા–કૉલેજમાં પરીક્ષાની મોસમ ચાલી રહી છે. થોડાક સમયમાં પરીક્ષાના દિવસો પણ પૂર્ણ થઈ જશે અને એ સાથે જાણે કે પાનખર બેસશે. અવાજ અને સંવેદનાથી ધમધમતા કોલેજ રૂપી વૃક્ષ ઉપરથી જાણે પંખીઓ ઊડી જશે. આપણે સૌ જાણીએ છીએ કે ‘કર્મણ્યે વા ધિક્કારસ્તે મા ફલેષુ કદાચન’ એટલે કે તારો અધિકાર કર્મમાં જ છે, ફળમાં નહિ, કર્મફળ માટે પ્રયત્ન કરવા બંધાયેલો છે, પરંતુ વિદ્યાર્થીની નજર તો સામાન્ય રીતે પોતાના પરિણામ ઉપર જ મંડાયેલી રહેતી જોવાય.

વિદ્યાર્થીઓને પદવી (ડિગ્રી) નો મોહ હોય તે સત્યથી આપણે સૌ વાકેફ છીએ. વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થવા ઉપર જાણે બાકીની જિંદગીનો આધાર હોય તેમ માને છે અને તે વાત સાથે મા–બાપ પણ ઈચ્છે છે કે પોતાનું સંતાન સારી નોકરી મેળવે, કમાણી કરે અને લક્ષ્મીજીની ખૂબ કૃપા તેના પર થાય. તેની સામે પોતાનું સંતાન ઓછું કમાય પરંતુ સંસ્કારી, ચરિત્રવાન બને તેવુ ઈચ્છનાર ખૂબ ઓછા માતા–પિતા જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યના સર્જક અને શિક્ષણકાર કાકા સાહેબ કાલેલકરે ‘શિક્ષણ’ માટે ‘કેળવણી’ એવો શબ્દ પ્રયોગ કર્યો હતો. તેઓની દ્રષ્ટિએ જે કેળવે છે તે કેળવણી, શિક્ષણ રોટલો આપે છે જયારે મેળવેલા રોટલાને કેવી રીતે મીઠો બનાવવો તે ‘કેળવણી’ શીખવે છે. વિદ્યાર્થી માત્ર આર્થિક ઉન્નતિ કે સામાજિક મોભો પ્રાપ્ત કરવાની ગણતરી સાથે શિક્ષણ સંસ્થામાં જોડાય એ સ્થિતિ ચિંતાજનક અને ઘાતક ગણાય કેળવણીને સ્થાને ડિગ્રીને મહત્વ આપવામાં આવે તે બાબત રાષ્ટ્રનિર્માણ માટે નુકશાન કારક બની શકે. શિક્ષણ રોજીરોટી રળવાનું સાધન માત્ર નથી એ પાયાની વાત સ્વીકારી ‘માણસ’ બનાવવાનું અસરકારક અને મહત્વનું પરિબળ છે. આ અંગે આપણે સહચિંતન કરીશું તો શિક્ષણ જગતની ચિંતાઓ ઓછી કરી શકીશું. આપણો વિદ્યાર્થી રોટલો પણ મેળવે અને મેળવેલા રોટલાને મીઠો બનાવતાં પણ શીખે તે પર ધ્યાન આપવાનો આપણા સૌનો શિક્ષક ધર્મ છે.

તા. ૦૧-૦૪-૨૦૨૪
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
(કુલપતિશ્રી)

# યુનિવર્સિટી ન્યુઝ

## આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના માન. કુલપતિશ્રી પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા સાહેબે તા. ૨૫ થી ૩૦ માર્ચ ૨૦૨૪ દરમિયાન સ્વીડનના સ્ટોકહોમ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓન એડવાન્સ મટીરીયલ્સ સાયન્સ (ફેલો સમિટ)માં પોતાની ટીમ દ્વારા કીડની સ્ટોન પર થયેલ સંશોધનો અને સ્કેનીંગ ઈલેકટ્રોન માઈક્રોસ્કોપી, ઈલેકટ્રોન ડીસ્પરઝીવ એનાલીસીસ બાય એક્ષ–રે સ્ટડીઝ એન્ડ ડીટરમીનેશન ઓફ એકટીવેશન એનર્જી એન્ડ થર્મોડાયનેમીકલ પેરામીટર્સ ઓફ કીડની સ્ટોન પર પોતાનું વકતવ્ય આપ્યું હતું. આંતરરાષ્ટ્રીય કક્ષાની ફેલો સમિટમાં વિશ્વભરમાંથી ૪૪ જેટલાં વૈજ્ઞાનિકો પૈકી ગુજરાતમાંથી તેઓ એકમાત્ર પ્રતિનિધિ હતા જે યુનિવર્સિટી અને ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

## કોમન એડમિશન સર્વિસ તાલીમ









હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એડમિશન સેલ દ્વારા તા. ૩૦–૩–૨૦૨૪ એ યુનિવર્સિટીના કનવેન્શન હોલમાં ગુજરાત કોમન એડમિશન સર્વિસ સંદર્ભે તાલીમ કાર્યક્રમનું યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ શ્રી ડૉ. રોહિતભાઈ એન.દેસાઈના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટેટ નોડલ ઓફિસર (GCAS) ડૉ. શૈલેષભાઈ ભાવસાર એ કાર્યક્રમ અંગે પ્રાસંગિક અને તકનીકી માર્ગદર્શન અને ઉદ્દબોધન આપ્યું હતું. ઉપરાંત ઉર્વીનભાઈ શાહ અને ઋત્વિક ભાઈ પંચાલે (GCAS) પોર્ટલના સંદર્ભમાં પોર્ટલ કેવી રીતે કામ કરશે તેની વિગતે ચર્ચા કરી હતી. ડૉ. પી. એસ. પટેલ (પ્રિન્સિપાલ, સરકારી આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, સમી) જેઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રાસંગિક વાત રજૂ કરી હતી. તેઓ યુનિવર્સિટીના લાયઝનિંગ ઓફિસર (GCAS) તરીકે કાર્યરત છે. કાર્યકારી કુલ સચિવ ડૉ. કમલભાઈ મોઢ એ પ્રાસંગિક વાત કરી સૌને કાર્યક્રમથી અવગત કર્યા. પ્રસ્તુત કાર્યક્રમ સમગ્ર યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા (GCAS) પોર્ટલ અંતર્ગત સુચારું રીતે થાય તે માટે યુનિવર્સિટી દ્વારા ડૉ. ધર્મેન્દ્રભાઈ ઠાકરની નોડલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. જેમણે કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. ઉપરાંત કાર્યક્રમનો ખ્યાલ રજૂ કર્યો હતો. યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી એ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું અને (GCAS) પોર્ટલ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો માટે ખૂબ જ અગત્યનું છે તેની સમજ તમામ સ્તરે થાય તે આવશ્યક છે જેની વિસ્તૃત ચર્ચા કરી હતી.

પ્રથમ સત્રમાં સ્ટેટ નોડલ ઓફિસર શ્રી શૈલેષભાઈ ભાવસારે (GCAS) પોર્ટલની પ્રવેશ માટેની પહેલ સમગ્ર ભારતમાં ગુજરાત દ્વારા થઈ રહી છે તેમાં ૨૫૦૦ કે તેથી વધુ કોલેજો પ્રવેશ સાથે જોડાશે. જેમાં ચારથી પાંચ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે જોડાવવાના છે ત્યારે આવા અગત્યના કાર્યમાં સૌ પ્રિન્સિપાલ અને સહયોગી સ્ટાફ પુરી પ્રતિબદ્ધતાથી ભાગીદાર થાય તે અતિ આવશ્યક છે ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ૫૫૦ થી વધુ હેલ્પ સેન્ટરો એ વિદ્યાર્થી પ્રવેશ માટે કાર્યરત રહેવાના છે.

દ્વિતીય સત્રમાં ઉર્વીનભાઈ શાહ અને ઋત્વિકભાઈ પંચાલ દ્વારા ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આ પોર્ટલ ખાસ કરીને વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ની કામગીરી કરશે અને આ પોર્ટલ માં રજીસ્ટ્રેશન કરીને વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવશે

માટે (GCAS) માં રજીસ્ટ્રેશન એ આવશ્યક છે તેની ચર્ચા કરી હતી.

પ્રસ્તુત પ્રવેશ કામગીરીથી ગુજરાતનો કોઈપણ વિદ્યાર્થી ઓનલાઈન પ્રક્રિયાથી ઘેર બેઠા કોઈપણ યુનિવર્સિટી કોલેજમાં પ્રવેશ માટે અરજી કરી શકશે અને સરળતાથી પ્રવેશ મેળવી શકશે. અન્ય યુનિવર્સિટીઓના કોર્સ થી વાકેફ થશે અને સરળતાથી પ્રવેશ મેળવી શકશે વિદ્યાર્થીઓની સમય અને શક્તિનો વ્યય થતો અટકશે.

સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના ૬૦૦ કે તેથી વધુ કોલેજો માંથી પ્રિન્સિપાલ, પ્રોફેસર અને ક્લાર્ક ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં જરૂરી તકનીકી સવાલોની પ્રશ્નોત્તરી કરી માર્ગદર્શન મેળવી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## સેમિનાર










હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ લો અને જાગ્રુત ગ્રાહક મંડળ પાટણના સંયુક્ત ઉપક્રમે ગ્રાહક જાગૃતિ વિષય ઉપર સેમિનાર યોજાયો.

અધ્યક્ષશ્રી તરીકે યુનિવર્સિટીના કુલ સચિવશ્રી ડૉ. રોહિતકુમાર દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા, ડીપાર્ટમેન્ટ ઓફ લો ના કોઓર્ડીનેટર અને આ કાર્યક્રમના કન્વીનીયર ડૉ. ધર્મેન્દ્ર ઠાકર, ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ના હેડ ડૉ. નિશીથ ભટ્ટ અને મુખ્ય વક્તા તરીકે જાગૃત ગ્રાહક મંડળ પાટણના મંત્રી રોનકભાઈ મોદી અને ગ્રાહક સુરક્ષા મંડળ ડીસાના પ્રમુખ અને નેશનલ કન્ઝ્યુમર એક્ટીવિસ્ટ કિશોરભાઈ દવે એ હાજરી આપી હતી. ડીપાર્ટમેન્ટ ઓફ લો ના આસિસ્ટન્ટ પ્રોફેસર અને આ કાર્યક્રમના સહ–કન્વીનીયર ડૉ. પરિમા રાવલ, વિશેષ મહેમાન તરીકે યુનિવર્સિટીના પૂર્વ–હેડક્લાર્ક અશોકભાઈ ત્રિવેદી, કોમર્સ પ્રોગ્રામના કોઓર્ડીનેટર ડૉ. અશ્વિન જી. મોદી, એડવોકેટ જયેશભાઈ સુથાર અને વિવિધ વિભાગના પ્રોફેસરો અને કર્મચારીએ હાજરી આપી હતી.

સેમિનાર પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટીના ગીતથી શરૂ કરવામાં આવ્યો હતો. ડીપાર્ટમેન્ટ ઓફ લો ના કો–ઓર્ડીનેટર દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો અને નિષ્ણાત વક્તાનું બુકે, મોમેન્ટો આપી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી દ્વારા આજના કાર્યક્રમના વિષય ગ્રાહક જાગૃતિ ઉપર સંક્ષેપમાં માર્ગદર્શન આપી પ્રાસંગિક પ્રવચન આપીને શિબિર–સેમિનારની શરૂઆત કરી હતી. યુનિવર્સિટીના પૂર્વ હેડ ક્લાર્ક શ્રી અશોકભાઈ ત્રિવેદીના વક્તવ્યએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સેમિનારમાં તાલીમ આપનાર નિષ્ણાત વક્તા શ્રી રોનકભાઈ મોદી દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદો–૨૦૧૯, સોના આભુષણની ખરીદી કરતી વખતેની જાગૃતિ, ગ્રાહક સાથે છેતરપીંડી થાય ત્યારે ગ્રાહકે ફરિયાદ ક્યાં કરવી, ગ્રાહકે ફરિયાદ માટે માર્ગદર્શન ક્યાં મેળવવું, ગ્રાહકોની જવાબદારી શું છે, ગ્રાહકને કોઈ દુકાનદાર બીલ ના આપે તો શું કરવું, તેવા અનેક મુદ્દા વિષે ઊંડાણપૂર્વક તાલીમ આપવામાં આવી હતી. સેમિનારના તાલીમ આપનાર બીજા નિષ્ણાત અને સિનીયર વક્તા શ્રી કિશોરભાઈ દવે દ્વારા ભારત માં ગ્રાહક પાસે ગ્રાહક સુરક્ષા કાયદો–૨૦૧૯ છે. ગ્રાહકને અધિકારો પણ આપેલ છે, ગ્રાહકો માટે સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા કમિશનોની જીલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય ક્ષેત્રે સ્થાપના કરેલ, રાષ્ટ્રીય ક્ષેત્રે ગ્રાહક સુરક્ષા કમિટીની રચના કરેલ છે, ઓનલાઈન ફરિયાદ માટે નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન નંબર અને વેબ પોર્ટલ પણ છે. ગ્રાહક ફોરમમાં ઓનલાઈન કેસ દાખલ કરવા ઈદાખિલ વેબ પોર્ટલ બનાવવામાં આવ્યું છે અને ગુજરાત રાજ્ય માં ગ્રાહકોની ફરિયાદો અને ગ્રાહક જાગૃતિના માર્ગદર્શન માટે વિવિધ જીલ્લા અને તાલુકા ક્ષેત્રે સરકાર માન્ય મંડળોની સ્થાપના કરેલ છે, જે અંગે સુંદર માહિતી આપી હતી. છેલ્લે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવેલ અને તેના ઉત્તર ઉપસ્થિત નિષ્ણાતો દ્વારા આપવામાં આવ્યા હતા. ડૉ. પરિમા રાવલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.



❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગ અને સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે આયોજિત યુનિવર્સિટી કક્ષાની ત્રિ–દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર' તા. ૧૫ થી ૧૭, ડીસેમ્બર, ૨૦૨૩ દરમિયાન સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલી ખાતે યોજાઈ. પ્રસ્તુત શિબિરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન કુલ પાંચ (૦૫) જીલ્લાઓની કોલેજો પૈકી કુલ ૩૧ વિવિધ કૉલેજોમાંથી કુલ ૭૫ એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો હતો તથા સરકારી વાણિજ્ય કૉલેજ, વડાલીના કુલ ૧૮ એન.એસ.એસ. સ્વયંસેવક વિદ્યાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો હતો.

પ્રસ્તુત યુનિવર્સિટી કક્ષાની ત્રિ–દિવસીય યુવા નેતૃત્વ તાલીમ શિબિર માં કુલ અગિયાર (૧૧) બૌદ્ધિક સેશન્સ આયોજિત કરવામાં આવ્યા હતા જેમાં કુલ નવ (૦૯) જુદા–જુદા વક્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા. ઉદ્‌ઘાટન સમારોહમાં સમારંભના અધ્યક્ષ પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગના નવનિયુક્ત એન.એસ.એસ. પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર શ્રી કમલેશ કે. ઠક્કર સાહેબ ઉપસ્થિત રહ્યાં હતા જયારે મુખ્ય મહેમાન પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગના ભૂતપૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર તેમજ એસ.કે. બિઝનેસ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જય ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતા. અતિથિ વિશેષનું પદ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદરના આચાર્યશ્રી કમલેશ જી. પટેલ એ શોભાવ્યું હતું.

❊ શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કૉલેજ, પાટણ દ્વારા એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર મીઠીવાવડી મુકામે તા. ૨૨ થી ૨૮/૧૨/૨૦૨૩ દરમિયાન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રિ. ડૉ. હિતેશ એસ. વિરમગામી, પ્રો. લાખન આર. ઠાકોર અને સહાયક એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. ભૌતિક બી. પ્રજાપતિ ના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલ. શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે સમારંભ અધ્યક્ષ તરીકે એન.જી.ઈ.એસ. કેમ્પસના ડાયરેક્ટર ડૉ. જે. એચ. પંચોલી, સમારંભ ઉદ્‌ઘાટક તરીકે જિલ્લા પંચાયત સદસ્ય સંદીપભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે આદર્શ પ્રાથમિક શાળાના આચાર્ય સોમાભાઈ પટેલ, અતિથી વિશેષ તરીકે માજી સરપંચ વિરમભાઈ પટેલ અને એન.જી.ઈ.એસ. કેમ્પસ ડેવલોપમેન્ટ ઓફિસર જય ઉપેન્દ્ર ધ્રુવ પધારેલ. સમગ્ર શિબિર દરમિયાન ગામ સફાઈ ઝુંબેશ, પર્યાવરણ જાગૃતિ, વ્યસન મુક્તિ, દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ, યોગાસન, પ્રભાત ફેરી, મંદિરોની મુલાકાત, આરોગ્ય સભાનતા રેલી, ભવાઈ, લોક ડાયરો, હવાડાની સફાઈ, સ્ત્રી સશક્તિકરણ અભિયાન, અંધશ્રધ્ધા નિવારણ ઝુંબેશ, રાસ ગરબા, ભારતીય સંસ્કૃતિની જાળવણી, પ્રાકૃતિક ખેતી વગેરે અનેક સામાજિક જાગૃતિ ના કાર્યક્રમો શિબિર ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલ. શિબિરમાં હેમચંદ્રાચાય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. કો–ઓર્ડીનેટર ડૉ. કમલેશભાઈ ઠક્કર પધારેલ. તેમજ સામાજિક જાગૃતિના કાર્યક્રમોમાં ગ્રામજનો દ્વારા ખૂબ સારો આવકાર મળેલ.




❊ મહિલા આર્ટસ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે કૉલેજના પ્રિન્સિપાલ ડો કનૈયાલાલ એલ પટેલ ના માર્ગદર્શન અને પ્રેરણાથી પતંગોત્સવ : ૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા રંગબેરંગી પતંગો ઉડાડી ને આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કૉલેજના સૌ અધ્યાપક મિત્રો પણ જોડાયા હતા.

## કાનૂની શિબિર

હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણના સ્ટુડન્ટ વેલ્ફેર ઉપક્રમે શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરના યજમાનપદે ત્રિ–દિવાસીય મહિલા કાનૂન શિબિર તા. ૯ થી ૧૧/૦૧/૨૦૨૪ દરમ્યાન યોજાઈ ગઈ. યુનિવર્સિટીની વિવિધ કૉલેજમાંથી કુલ ૫૯ વિદ્યાર્થિનીઓ શિબિરમાં ઉપસ્થિત રહી. ત્રણ દિવસ દરમ્યાન વિવિધ વકતાઓએ સ્ત્રીઓને લગતા કાયદા વિષે શિબિરમાં વિદ્યાર્થિનીઓને જાણકારી આપી. વકતાઓમાં ડૉ. બિનલબેન પટેલ, ડૉ. જયપ્રકાશ જાની, સિનિયર વકીલ શ્રી સંજયભાઈ સાધુ, FHI – ૩૬૦ના ગુજરાતના પ્રોગ્રામ કો–ઓડિનેટર ભરતકુમાર ગોઠી, DHEW, મહેસાણાના મિશન કોઓર્ડિનેટર શ્રીમતી ભારતીબેન પટેલ, ડૉ. સૌરભભાઈ પટેલ, સિનિયર વકીલ અમૃતભાઈ પટેલ, સિનિયર સિવિલ જજ શ્રીમતી ભારતીબેન જાદવ, પબ્લિક પ્રોસિક્યુટર રશિલા વગવાણી જેવા ખ્યાતનામ વકતાઓએ શિબિરાર્થીઓને જ્ઞાન પીરસ્યું હતું. આશ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ હાજર રહી શિબિરાર્થીઓને વિવેકી જીવન જીવવા શીખ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.જે. એમ. પટેલ, ડૉ. આર.એ. પટેલ આચાર્ય શ્રી ડૉ. સુરેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

## જન્મ જયંતિ



✲ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં તા. ૧૨-૦૧-૨૦૨૪ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતીની ઊજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવેકાનંદના પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કુમારી સરોજ રાવળે સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગો વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તા. ૧૧-૯-૧૮૯૩ શિકાગોના વિશ્વ ધર્મ પરિષદના વિવેકાનંદના પ્રવચનનો ઓડિયો વિદ્યાર્થિનીઓને સંભળાવવામાં આવેલ. ડૉ. રતનબેન પી. સોલંકીએ સ્વામી વિવેકાનંદના બાળપણ વિશે તથા તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસ વિશે પ્રવચન આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ. મનસુખભાઇ પટોલિયા દ્વારા પ્રિ. ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.



✲ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, મહેસાણાના તાલીમાર્થીઓએ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભગીની સંસ્થાના ડૉ. નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અર્ચનાબેન બારોટે વિવેકાનંદજીના જીવન-કવન ઉપર પ્રેરણાત્મક વ્યાખ્યાન આપ્યુ હતું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વિવેકાનંદજીના જીવનપ્રસંગો રજુ કરી તેમના જીવન સંદેશને યાદ કરી યુગપુરુષની ઝલક આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અર્ચનાબેન બારોટે કર્યુ હતુ. કૉલેજના પ્રિ.ડૉ.શાંતાબેન પટેલે સુંદર કાર્યક્રમ બદલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.



✲ શ્રી એન. એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શંખેશ્વરમાં એન.એસ.એસ. વિભાગ અને ગુજરાતી વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૬૨મી જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત કૉલેજની બહેનોએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ સ્વામી વિવેકાનંદ અને મૂલ્ય શિક્ષણ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી અને કાર્યક્રમના અધ્યક્ષ પદે નવીનભાઈ ભોજકે સ્વામી વિવેકાનંદના જીવન અને તેમનાં અનેક પ્રસંગો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કૉલેજની વિદ્યાર્થીની ગઢવી પૂજાબા અને રબારી માયાબેને આ પ્રસંગને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યો હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન ગુજરાતી વિભાગના ડૉ. કલ્યાણભાઈ રબારીએ કર્યું હતું. જ્યારે આભાર દર્શન એન.એસ.એસ. વિભાગના પ્રો.ઓ. હિતેશદાન ગઢવીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. રાજેશભાઈ રબારીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



✲ શ્રી કે.આર.કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી માં વિશ્વ વિભૂતી એવા વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે કૉલેજના પ્રિ.ડૉ. અજય પટેલના માર્ગદર્શન હેઠળ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નિમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારીયાના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા મુખ્ય મહેમાન અને વકતા તરીકે ઉપસ્થિત રહી વિવેકાનંદના 'જીવન અને એમના કર્તવ્યો' પર મનનીય પ્રવચન આપી વિદ્યાર્થીઓને ભાવવિભોર કર્યા હતા. કૉલેજ પરિસરમાં વિવેકાનંદના જીવનનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જે નિહાળી વિદ્યાર્થીઓએ ધન્યતા અનુભવી હતી. મંડળના મંત્રી દિલીપભાઈ કટારા એ આ પ્રસંગે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં કૉલેજ પરિસરના તમામ અધ્યાપકો અને અન્ય કર્મચારીગણ તેમ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન ડૉ. વસંત ગાવિતે કર્યુ હતું. આભાર વિધી ડૉ. દલજીભાઈ પટેલે કરી હતી.

## જાગૃતિ અભિયાન



શ્રી કલજીભાઈ આર.કટારા આટ્ર્સ કૉલેજ, શામળાજીમાં Vibrant Gujarat 2024 5 P Campaign અંતર્ગત વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુ માટે GEDAની સૂચના મુજબ તા–૦૯–૦૧–૨૦૨૪ ના રોજ પ્રતિજ્ઞા લેવાની હતી. અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લઈને પર્યાવરણની જાળવણીનો સંકલ્પ કર્યો હતો. એન.એસ.એસ. પ્રો.ઓ. ડૉ. ભરત પટેલ દ્વારા પ્રતિજ્ઞા લેવડાવાઈ હતી.

## ડેવલપમેન્ટ પ્રોગ્રામ




શ્રી કલજીભાઈ આર. કટારા આટ્ર્સ કૉલેજ, શામળાજીમાં 'એન્ગેજિંગ લર્નિંગ એન્વાયર્નમેન્ટ્સ માટે નવીન અધ્યાપન શિક્ષણશાસ્ત્ર' પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (FDP)ની સફળતાપૂર્વક પૂર્ણતા સાથે શૈક્ષણિક શ્રેષ્ઠતામાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ચિન્હિત કર્યું છે. ડૉ. હેમંત પટેલ દ્વારા સંકલન અને કુ. મોહસિના દાદુ દ્વારા સંચાલિત, આ કાર્યક્રમમાં વિવિધ વિદ્યાશાખાના 30 શિક્ષકો જોડાયા હતા. FDPનો ઉદ્દેશ્ય સક્રિય શિક્ષણ પદ્ધતિઓ, ટેકનોલોજીનો ઉપયોગ, વાસ્તવિક–વિશ્વમાં શિક્ષણનો અમલ, રચનાત્મક મૂલ્યાંકન વ્યૂહરચનાઓ અને સમાવિષ્ટ શિક્ષણ પ્રથાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને આધુનિક શિક્ષણ અભિગમો સાથે શિક્ષકોને સશક્ત કરવાનો હતો.

ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ, સતત શીખવાની કૉલેજની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા, કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો. ડૉ. પટેલની દ્રષ્ટિએ FDPની સફળતા નવીન શિક્ષણ પ્રથાઓમાં મોખરે રહેવા માટે કૉલેજના સમર્પણને દર્શાવે છે.

કૉલેજના ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ કટારાએ ડૉ. હેમંત પટેલને તેમના સંકલન પ્રયાસો બદલ અભિનંદન પાઠવ્યા હતા અને સુશ્રી મોહસીના દાદુનો ફેસિલિટેટર તરીકેના અમૂલ્ય યોગદાન બદલ આભાર માન્યો હતો. શ્રી કટારાએ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા અને શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને ઉછેરતું વાતાવરણ બનાવવાની કૉલેજની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો.

## પરિષદ



શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટસ કૉલેજ, સતલાસણાના યજમાન પદે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું ૨૯મું અધિવેશન સંસ્થાના પ્રમુખશ્રી બચુભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું 'પલટાતા ગુજરાતમાં બદલાતું યૌવન' આ મુખ્ય વિષયના થીમ ઉપર યોજાયેલ આ અધિવેશનમાં હેમ.ઉ.ગુ.યુનિ.ના કુલ સચિવ ડૉ. કે. કે. પટેલે ઉપસ્થિત રહી વર્તમાન સમયના સંદર્ભમાં યુવાનોની સમસ્યાના કારણો પરિણામો અને સમાધાન સંદર્ભે સંશોધન કરવા ઉપર ભાર મૂક્યો હતો. પ્રારંભમાં કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. જયેશ બારોટ એ સૌનું સ્વાગત કરી અધિવેશનની પ્રસ્તુતતા સમજાવી હતી. ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના પ્રમુખ ડૉ. જયપ્રકાશ ત્રિવેદીએ વર્તમાન શિક્ષણ– સમાજશાસ્ત્ર અને યુવાનોની ભૂમિકા તેમજ જવાબદારીઓ વિશે સમજ આપી હતી. પરિષદના મંત્રી ડૉ. રાજેન્દ્ર જાનીએ વ્યવહારુ સંશોધન તરફ અંગૂલી નિર્દેષ કરી સંશોધકોને વર્તમાન સમયના સંદર્ભમાં સંશોધન કરવા પ્રેરણા આપી હતી. આ અધિવેશનમાં સમગ્ર ગુજરાતમાં થી ૧૨૫ ઉપરાંત સમાજશાસ્ત્રીઓ સંશોધકો અને અધ્યાપકોએ ઉપસ્થિત રહી ૫૦થી વધુ સંશોધન પેપરો રજૂ કર્યા હતા.

## પ્રવાસ



ગુજરાત સરકારના બહુમુખી આયામ એવા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ ના ટ્રેડ શો અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના સહયોગથી 'કેળવણીની સંસ્કાર સરિતા' મહિલા આટ્ર્સ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગરની વિદ્યાર્થિનીઓ કૉલેજના પ્રિ. ડૉ. કનૈયાલાલ એલ.પટેલના પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયું. જેમાં વર્લ્ડ ટ્રેડ શોના વિવિધ સ્ટોલની વિદ્યાર્થીનીઓએ તલસ્પર્શી માહિતી મેળવી ભવિષ્યમાં સ્ટાર્ટ અપ અને ઈનોવેશન અંતર્ગત માહિતી મેળવી ઉજ્જવળ કારકિર્દી માટે કટિબદ્ધ બન્યા હતા. આ સાથે ફ્લાવર શો, ગાંધીનગર અક્ષરધામ અને મહાત્મા મંદિરની મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક ટૂરમાં કૉલેજની ૬૧ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. સાથે કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી, કૉલેજના પ્રિન્સીપાલશ્રી તથા અધ્યાપકો જોડાયા હતા. ડૉ. પી.એચ.પટેલ, પ્રો. વી. જી.પટેલે પ્રવાસને સફળ બનાવવા માટે સહયોગ પૂરો પાડ્યો હતો. આવા સહ અભ્યાસિક કાર્યક્રમના આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. ડી. એલ. પટેલે આયોજકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## તાલીમ

શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આટ્ર્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં તા. ૫–૧–૨૦૨૪ના રોજથી કેસીજી, શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ફિનિશિંગ સ્કૂલનો ડૉ. મહેશભાઈ મુલાણી ના અધ્યક્ષ સ્થાને પ્રારંભ કરવામાં આવ્યો.



ફિનિશિંગ સ્કૂલનો વિચાર સ્વીત્ઝરલેન્ડનો છે. કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. સી. એમ. ઠક્કર દ્વારા કેસીજીના એમ્પેનલ ટ્રેનર અનિલભાઈ દેસાઈને આવકારી ફિનિશિંગ સ્કૂલની મહત્ત્વતાનો ખ્યાલ સમજાવ્યો હતો. કૉલેજના બી. એ અને બી. કોમ. સેમ ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેસીજી દ્વારા ૮૦ કલાકની તાલીમ એમ્પેનલ ટ્રેનર દ્વારા આપવામાં આવી હતી. જેમાં કુલ ૮૦ કલાકની તાલીમ લાઈફ સ્કીલ અને એમ્પ્લોઈબીલીટી સ્કીલ તેમજ મૂળભૂત અંગ્રેજીની તાલીમ કુલ ૨૦ દિવસ માટે આપવામાં આવી. આ તાલીમમાં કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં સ્વ મૂલ્યાંકન, ટીમ વર્ક, સેલ્ફ ડીસીપ્લીન, રોજગારી માટે જરૂરી આવડતો જેવી કે રિઝ્યુમ–બાયોડેટા લેખન, બોડી લેંગ્વેજ, ટાઈમ મેનેજમેન્ટ, પ્રેઝન્ટેશન સ્કીલ, ઈન્ટરવ્યુ સ્કીલ, નેતાગીરીના ગુણ, ઈન્ટ્રોડક્શન, અંગ્રેજીની મૂળભૂત આવડત વગેરેનો સમાવેશ થયો હતો.

## વ્યાખ્યાન



❊ ડૉ. આશાબેન પટેલ સરકારી વિજ્ઞાન કૉલેજ, ઊંઝા ખાતે જ્ઞાનધારા અંતર્ગત સ્વામી વિવેકાનંદ જયંતિ અને નેશનલ યુથ ડે નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. કે.એમ. જોશી દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં સ્વામીજીના જીવનના પ્રેરક પ્રસંગો અને તેમના વિચારો વિદ્યાર્થી જીવનમાં આચરણ દ્વારા તે દેશ અને સમાજ માટે યુવા શુ કરી શકે તે અંગે મનનીય માર્ગ દર્શન આપવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓ માહિતી મેળવી ખૂબ આનંદિત થયા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ચિત્રા શુક્લ અને મહેશ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

❊ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ બી.એડ/એમ.એડ, મહેસાણામાં મહિલા જાગૃતિ વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વક્તા તરીકે ડૉ.કાંતિબેન, નીલમબેન, અને ભગવતીબેન ઉપસ્થિત રહ્યા હતા. બી.એડ્.ની તાલીમાર્થી બહેનોને આવનાર સમયમાં ઘરની સાથે–સાથે નોકરીની જવાબદારી સવિશેષ સ્વરૂપે નિષ્ઠાપૂર્વક કેવી રીતે નિભાવી શકે, તેમજ આ દ્વિધ્રુવી પ્રક્રિયામાં પોતે સભાનતા પૂર્વક, કામનો કાર્યભાર સારી રીતે



સંભાળી શકે બાળકોમાં સંસ્કાર સિંચનનું સુવ્યવસ્થિત આયોજન કરી શકે તે માટે રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજના પ્રિ.ડૉ.શાંતાબેન પટેલ દ્વારા તાલીમાર્થીઓને વિવિધ જવાબદારીઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આવનાર સમયમાં મુશ્કેલીઓનો સામનો સારી રીતે કરી રાજ્ય તેમજ દેશને નિષ્ઠાવાન સ્ત્રીસશક્તિકરણના પાઠ શીખવી પોતે આગળ આવી સમાજ અને દેશની સેવા સારી રીતે કરી શકે તેવો સંદેશ વ્યક્ત કર્યો હતો.



❊ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ.ના માધ્યમથી વિકસિત ભારત–૨૦૪૭ અંતર્ગત તા.૧૨–૧–૨૦૨૪ના આંતરરાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે 'સક્ષમ યુવા સમર્થ ભારત' વિષય ઉપર પ્રોગ્રામ ઓફિસર ડૉ.રમણભાઈ સોલંકીએ સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં કૉલેજની ૨૮ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.સવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહિયાએ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન આપ્યા હતા.જેમાં ડૉ.વૈશાલીબેન પંચાલનો સહયોગ રહ્યો હતો.

## વર્કશોપ



શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર કૉલેજમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વર્કશોપ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત બ્રાન્ચ તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રાધનપુર બ્રાન્ચના સહયોગથી ડૉ.સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તેમજ ઈન્ડિયન રેડક્રોસ ડી એમ ના ડાયરેક્ટર તુષારભાઈ ઠક્કર, પ્રતિકભાઈ કોસ્ટીની ઉપસ્થિતિમાં

યોજાયો હતો. પ્રારંભમાં, કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. સી. એમ. ઠક્કરે મહેમાનોને આવકારી ડિઝાસ્ટર મેનેજમેન્ટના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડાયરેક્ટર તુષારભાઈ ઠક્કરે ડિઝાસ્ટર મેનેજમેન્ટની જરૂરિયાત, સીપીઆર તાલીમની સમજણ તેમજ ડિઝાસ્ટરની તૈયારી, ડિઝાસ્ટરનો પ્રતિસાદ અને ડિઝાસ્ટર પછીની કાર્યવાહીનો ઉદાહરણ સાથે રસપ્રદ માહિતી આપી હતી. આ વર્કશોપનું સંચાલન ડૉ. ચિરાગ વી. રાવલે કર્યું હતું તેમજ આ કાર્યક્રમમાં ઇન્ડીયન રેડ ક્રોસ સોસાયટી રાધનપુર બ્રાન્ચના ડૉ. નવિનભાઇ ઠક્કર, ડૉ. દિનેશભાઈના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. જેમાં અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ડિઝાસ્ટર મેનેજમેન્ટના તમામ પાસાઓને સમજવા માટે જરૂરી કુશળતાઓ અને જ્ઞાન મેળવ્યું હતું.

## શિબિર



શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કૉલેજ, રાધનપુરમાં ઓમ યોગા ક્લાસીસ રાધનપુર દ્વારા તેમજ રોટરી ક્લબ ઓફ રાધનપુર, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાધનપુર, જાયંટ્સ રાધનપુર સદ્ભાવના જેવી સહયોગી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ચાર દિવસ માટે યોગ શિબિરમાં રાજકોટથી યોગના તજજ્ઞ સાગરભાઈ પટેલ તેમજ રાધનપુરના તજજ્ઞ નિકિતાબેન દરજી દ્વારા કૉલેજના પ્રિન્સિપાલ સી. એમ. ઠક્કર અને જયેશભાઈ ઠક્કર ના માર્ગદર્શન હેઠળ શુભારંભ થયો હતો. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા સંયોજકશ્રી ડૉ. પરેશભાઈ દરજી અને ડૉ. ચિરાગભાઈ રાવલે ખૂબ જહેમત ઉઠાવી અને યોગ્ય વ્યવસ્થા કરેલ. કાર્યક્રમમાં કૉલેજના મેનેજીંગ ટ્રસ્ટી સહિત જુદી જુદી સંસ્થાના પ્રતિનિધિઓ અને સભ્યો હાજર રહ્યા હતા. આ યોગ શિબિરમાં સંપૂર્ણ શરીરને લગતી કસરતો એક જ સ્ટીક દ્વારા તેમજ વિવિધ આયુર્વેદિક વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સ્પર્ધા



ગુજરાત સરકાર અને યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર આયોજિત જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ડિપાર્ટમેન્ટ ઓફ મ્યુઝિક, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના વિદ્યાર્થીઓએ પાંચ કૃતિઓમાં પ્રથમ નંબર અને ભાગ લીધેલ તમામ સાત સ્પર્ધાઓમાં સ્થાન મેળવીને પાટણ શહેરનું ગૌરવ વધાર્યું છે. પાટણમાં એકમાત્ર સંગીતના ઉચ્ચ અભ્યાસ માટે ડિગ્રી કૉલેજ ની શરૂઆત શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ માં કરવામાં આવી છે. સંગીતમાં પીએચ.ડી. જેવી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સંગીતજ્ઞો એમાં તાલીમ આપી રહ્યા છે. તાજેતરમાં જ રાધનપુર ખાતે પાટણ જીલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો. જેમાં ૮૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં આ સંસ્થાના નીચેના વિદ્યાર્થીઓએ ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

ઈનામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં ૧.) શ્રી ઋષિ પટેલ – શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં (૧૫ થી ૨૦ વર્ષ) માં પ્રથમ ૨.) મયુર દવે – શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં (૨૧ થી ૫૯ વર્ષ) માં પ્રથમ, ૩.) કુ. પૂજા બારોટ – સુગમ ગીત (૨૧ થી ૫૯ વર્ષ) માં પ્રથમ, ૪.) કુ. ભૂમિ જોશી – લગ્ન ગીત (૧૫ થી ૨૦ વર્ષ) માં પ્રથમ, ૫.) કાવ્ય લેખન– તુષાર જોશી ( ૨૧ થી ૫૯ વર્ષ)માં પ્રથમ નંબર, ૬.) કુ. અંકિતા જાદવ – લગ્ન ગીત (૧૫ થી ૨૦ વર્ષ) માં દ્વિતીય નંબર, ૭.) જયદાન ગઢવી – લોકગીત (૨૧ થી ૫૯ વર્ષ) માં તૃતીય નંબર પ્રાપ્ત કરીને સમગ્ર પાટણ શહેરનું ગૌરવ વધાર્યું છે. તમામ વિદ્યાર્થીઓને સમગ્ર આર્ટ્સ કૉલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સબરસ

પત્ની : જો હું ગુમ થઇ જઉં તો તમે શું કરશો?

પતિ : છાપામાં જાહેરાત આપીશ.

પત્ની : તમે કેટલા સારા છો? શું લખશો?

પતિ : મારી પત્ની ગુમ થઇ છે, જેને મળે તે રાખીલે, આપણે જરૂર નથી.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian), Dr. Chanduji Thakor

Published by : Registrar, Hemchandracharya North Gujarat University, Patan.

Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–